# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૪-૦૪-૨૦૨૪ બુધવાર સમય : સાંજે 06:25 કલાકે**

---

## ચૂંટણી-બીજો તબક્કો:

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર આજે સાંજે પૂર્ણ થશે. . તમામ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ મતદારોને પોતા ના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરી રહ્યા છે. આ તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની બેઠકો મળીને કુલ 89 બેઠકો પર મતદાન થશે.

કેરળની તમામ વીસ બેઠકો, કર્ણાટકની 28માંથી 14, રાજસ્થાનની 25માંથી 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્ય પ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને છત્તીસગઢમાં એક-એક બેઠક. ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીર બેઠક ઉપર મતદાન યોજાશે.. મણિપુરના બાહ્ય મણિપુર સંસદીય મતવિસ્તારના 13 વિધાનસભા ક્ષેત્રોમાં પણ તે જ દિવસે મતદાન યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ શુક્રવારે બીજા તબક્કાનું મતદાન યોજાશે, મતગણતરી ચોથી જૂને થશે.

- (RNU અમદાવાદ)

---

## પંચાયતી રાજ દિવસ-પીએમ:

આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં , શ્રી મોદીએ ગ્રામીણ ભારતમાં પરિવર્તન લાવવા અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયાના સ્તરે કામ કરનારાઓની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે , સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા અને લોકોના સપનાઓને સાકાર કરવાનું કાર્ય ચાલુ રાખશે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ જીલ્લો-ચૂંટણી ઓબ્ઝર્વર્સ મીટીંગ:

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લામાં લોકસભા ચૂંટણીને લઈને જનરલ, ખર્ચ અને પોલીસ ઓબ્ઝર્વર સાથે બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી માટે નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરને અધિકારીઓની કામગીરીથી વાકેફ કરાવ્યા હતા.

મતદાર જાગૃતિ ઝુંબેશ અભિયાન વિશે પણ ઓબ્ઝર્વરઓને માહિતીગાર કરવામાં આવ્યા હતા. જિલ્લાના પોલીસ અધિક્ષકએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ ચૂંટણી માટે વિવિધ બંદોબસ્ત, કાયદો વ્યવસ્થા જાળવવા લેવામાં આવેલા વિશેષ પગલાઓ વિશે માહિતી આપી હતી.

- (માહિતી ખાતુ ભુજ)

---

## યુવા મતદાર-બાઈટ:

આગામી સાતમી મે ના યોજાનારી લોકસભા ચૂંટણી 2024 અંતર્ગત સમગ્ર દેશમાં યુવા મતદારોનો ઉત્સાહ મતદાન માટે અનેરો છે. પ્રથમ વખત મતદાન કરવા જનાર નખત્રાણા કોલેજમાં અભ્યાસ કરતા કોટડાના રહેવાસી યુવા મતદાર રિદ્ધિ ભરતભાઈ નાયાણી એ આકાશવાણી ભુજ સાથે વાત કરતા સમગ્ર મતદાતાઓને મત આપવા પ્રત્યે જાગૃત કરતા આ મુજબ જણાવ્યું... (બાઈટ રિદ્ધિ નાયાણી)

- (જાગૃતિ વકીલ)

---

## હાજીપીર મેળો-જાહેરનામું:

આગામી ૨૭ થી ૨૯ એપ્રિલ દરમિયાન હાજીપીરનો મેળો તથા ૨૯, ૩૦ એપ્રિલ આમારા ખાતે કરોલ પીરનો ઉર્ષ મેળો યોજાનાર છે જેને અનુલક્ષીને કચ્છ જીલ્લા કલેકટર દ્વારા ૩ જાહેરનામાં બહાર પડાયા છે. જેમાં ભારે વાહનોની અવાર જવર પર પ્રતિબંધ, શંકાસ્પદ વસ્તુ લઈ જવાની મનાઈ, તથા સેવા કેમ્પો માટે નિયમો જારી કરવામાં આવ્યા છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## મતકેન્દ્ર ઓળખો અભિયાન-કચ્છ:

ભારતીય ચૂંટણી પંચ દ્વારા તમારા મતદાન કેન્દ્રને ઓળખો અભિયાન અંતર્ગત જીલ્લાના તમામ મતદાર કેન્દ્રમાં ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે જે અંતર્ગત કચ્છ જીલ્લામાં ૨૮ એપ્રિલે મતદાતાઓ તમામ મતદાન કેન્દ્રોની મુલાકાત લઈ શકશે.

ચૂંટણીના ૧૦ દિવસ પહેલા, તમામ મતદાન મથકો પર બીએલ ઓને સવારે ૯ થી ૧૨ કલાક સુધી હાજર રહેવા સુચન આપવામાં આવ્યું છે. મતદારો પોતાના બુથ પર વાહન પાર્કિંગ, સ્લીપ મેળવવાના સ્થળ તથા અન્ય વ્યવસ્થા સહીતની વિગતો જાણી શકશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જાહેરનામું-કાયદો વ્યવસ્થા હેતુ:

કચ્છમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં કામસર આવતા લોકોને કોઈ અગવડ ન પડે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેષ પંડ્યા દ્વારા ત્રણ જાહેરનામાં અમલી બનાવાયા છે , જે અંતર્ગત જિલ્લા - મધ્યસ્થ તાલુકા સેવા સદનના પરિસરની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા , પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા મનાઈ ફરમાવાઈ છે.

આ ઉપરાંત ભુજની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે. તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતા વધુ વ્યક્તિઓને ભેગા જઈને આવેદન પત્ર આપવા પર રોક લગાવાઈ છે. આ ત્રણેય જાહેરનામાં તા.૯ મે સુધી અમલી રહેશે.

- (માહિતી ખાતુ ભુજ)

---

## SWEEP હેઠળ પ્રવૃત્તિ-કચ્છ:

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કચ્છ જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર **SVEEP** હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. કચ્છમા મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે.

- (માહિતિ ખાતુ ભુજ)

---